# ચૂંટણીપંચના બે નાયબ ચૂંટણી કમિશનરના વડપણ હેઠળ ઉચ્ચસ્તરીય ટીમ બુધવારે ગાંધીનગર આવે છે

## મહાત્મા મંદિર ખાતે કલેક્ટર અને ડે. ડીડીઓ સાથે સમીક્ષા બેઠકમાં ચૂંટણીની તૈયારીઓ અંગે સમીક્ષા કરશે

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત વિધાનસભાની આવી રહેલી સામાન્ય ચૂંટણીની તૈયારીઓ અંગેની સમીક્ષા માટે બે નાયબ ચૂંટણી કમિશનરોના નેતૃત્વમાં ચૂંટણી પંચની ઉચ્ચસ્તરીય ટીમ બુધવારે ગાંધીનગર આવી રહી છે.

નાયબ ચૂંટણી કમિશનર ઉમેશ સિંહા અને સંદીપ સકસેનાના નેતૃત્વમાં આ ટીમ ૧૨મીએ સવારે ગાંધીનગર આવશે. આ ટીમ રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી ડૉ. સ્વૈન અને તેમની ટીમને મળશે. આ પછી મહાત્મા મંદિર ખાતે જિલ્લા કલેક્ટરો સાથે બેઠક યોજી અને તૈયારીઓની સમીક્ષા કરશે. આ સમીક્ષા બેઠકમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીઓ પણ હાજર રહેનાર છે.

રાજયમાં વિધાનસભા મતદારયાદીની સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ હાલ ગતિમાં છે ત્યારે પંચની આ ટીમનો ગુજરાત પ્રવાસ અતિ મહત્વનો લેખવામાં આવી રહ્યો છે.

મતદારયાદી સુધારણા ઝુંબેશ અંગે લોક જાગૃતિને લઈ જિલ્લા કક્ષાએ કરાયેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવશે. આ ઉપરાંત ચૂંટણીની કેટલી જગ્યાઓ ખાલી છે તેમજ તંત્ર દ્વારા સામાન્ય ચૂંટણીને લઈ જે જે તૈયારીઓ હાથ ધરવાની સૂચનાઓ અપાઈ હતી તેના અમલીકરણના લેવાયેલા પગલાંઓની પણ સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવશે.

રાજ્યમાં પંચની આવી રહેલી આ ઉચ્ચસ્તરીય ટીમને લઈ મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરી દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




હવે શહેરનાં રસ્તાઓ પર વધુ ખર્ચા કરવાની જરૂર નહીં રહે... રસ્તા પર હેરીટેજ-વેનાં બોર્ડ જ લગાવવાનાં રહેશે...

# શહેર યુવા મોરચાના પાંચ હજાર કાર્યકરો બાઈક પર રાષ્ટ્રીય અધ્યક્ષના સ્વાગતમાં જોડાશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મહાનગરના યુવા મોરચાના ૫૦૦૦ કાર્યકરો બાઈક સાથે કમલમથી રાષ્ટ્રીય અધ્યક્ષના સ્વાગતમાં જોડાશે.

ગાંધીનગર મહાનગર ભાજપ યુવા મોરચાના ૫૦૦૦ કાર્યકરો બાઈક સાથે પ્રદેશ કાર્યાલય કમલમ ખાતેથી સ્વાગતમાં રેલી સ્વરુપે જોડાઈને ગાંધીનગર ટાઉનહોલ ખાતે આવશે. ટાઉનહોલ ખાતે આયોજીત કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ બપોરે ૨ કલાકે રામકથા મેદાન ખાતે રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ પેજ પ્રમુખ સંમેલન સ્થળે ઉપસ્થિત રહેશે. રાષ્ટ્રીય પ્રમુખના રુટમાં ગાંધીનગર મહાનગર યુવા મોરચાના કાર્યકરો બાઈક સાથે રેલી સ્વરુપે જોડાશે અને ભવ્ય સ્વાગત કરશે.

ગાંધીનગર શહેરને ફરતે પોલીસનો લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. શહેરના માર્ગો તેમજ સર્કલો, સભા સ્થળ સહિતની જગ્યા પર પોલીસનો ચાંપતો પહેરો ગોઠવાઈ ગયો છે. પેજ પ્રમુખ સંમેલનને પગલે શહેરમાં ૩ એસપી, ૮ ડીવાયએસપી, ૭૪ પીઆઈ,

### મેડીકલ ટીમ સંમેલનને સ્થળ પર હાજર રહેશે

ગાંધીનગર શહેરના સેકટર-૧૧ ખાતે મંગળવારના રોજ નોર્થ ઝોનના પેજ પ્રમુખોનું મહાસંમેલન યોજાવાનું છે. આ સંમેલનમાં અરવલ્લી, સાબરકાંઠા, મહેસાણા, પાટણ, બનાસકાંઠા, અમદાવાદ અને ગાંધીનગરના કાર્યકરો ઉપસ્થિત રહેવાના છે. આ મહાસંમેલનમાં કાર્યકરોનો આંકડો એક લાખને પહોંચે તેવી શક્યતાઓ છે. ત્યારે સંમેલનમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ પ્રમુખ અમિત શાહ, મુખ્યમંત્રી, મંત્રી મંડળના મંત્રીઓ, પ્રદેશ ભાજપના હોદેદારો, સહિત આટલી મોટીસંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેવાના છે. જેને પગલે ગાંધીનગર હોસ્પિટલ દ્વારા આરોગ્યલક્ષી કોઈ તકલીફ ન પડે તે માટે બે મેડીકલ ટીમ બનાવાઈ છે. જેમાં ત્રણ ડોકટર્સ સ્ટાફસાથેની ટીમ જરુરી દવાઓ સાથે સભા સ્થળની પાસે ઉપસ્થિત રહેશે.જેમાં સભામાં આવેલ કાર્યકર્તાઓને તાવ કે પેઈનકિલરની દવા સરળતાથી મળી રહેશે.

રાજયનું પાટનગર પેજ પ્રમુખના મહાસંમેલનને પગલે ભાજપના રંગે રંગાઈ ગયું છે. સે-૧૧ રામકથા મેદાન ખાતે આયોજીત પેજ પ્રમુખના સંમેલનમાં લાખો કાર્યકર્તા ઉપસ્થિત રહેવાના છે. આગામી ચુંટણીલક્ષી માર્ગદર્શન આપવા માટે રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ ગાંધીનગરમાં આવવાના છે. જેથી ૨૦૧ પીએસઆઈ, ૧૬૦૦ પોલીસ કર્મચારીઓ, ૩૧૫ મહિલા પોલીસ, ૨ એસઆરપી કંપની તેમજ નગરમાં વાહન વ્યવહારને કોઈ અસર ન પહોચે અને માર્ગો પર ટ્રાફિક જામના દ્રશ્યો ન સર્જાય તે માટે ૭૦ ટ્રાફિક પોલીસના અધિકારી-કર્મચારીઓ ખડેપગે હાજર રહેશે.

# કોંગ્રેસ દ્વારા દેવા-માફી અને રિસર્વે રદ કરવાની માંગ સાથે રેલી યોજી

## કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ : કોર્ડન તોડવાનો પ્રયાસ કરતા કાર્યકર્તાઓની અટકાયત

ગાંધીનગર, તા. ૧૦

ખેડૂતોના દેવા માફ કરવા




તેમજ રિ-સર્વેની માપણી રદ કરવાની માંગ સાથે આજે કોંગ્રેસે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આવેદનપત્ર આપ્યુ છે.

આ અગાઉ કોંગ્રેસના આગેવાનોએ સત્યાગ્રહ છાવણીથી રેલી યોજી અને આવેદનપત્ર આપવા જવાનો નિર્ણય કર્યો હતો. પોલીસે રેલીને એક તબક્કે અટકાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ મહિલા કાર્યકરો પોલીસ કોર્ડન તોડી આગળ નીકળતાં પોલીસ આ બધા કાર્યકરોની અટકાયત કરી હતી.

કોંગી કાર્યકરોએ રેલીના આરંભ પૂર્વે સૂત્રોચ્ચાર પણ કર્યો હતો. કોંગ્રેસના પ્રતિનિધિ મંડળે અધિક નિવાસી કલેકટરને આવેદનપત્ર આપ્યુ હતુ.

આ કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, પ્રદેશ મહામંત્રી અને પ્રવક્તા નિશીથ વ્યાસ, પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ



પટેલ, ધારાસભ્યો બળદેવજી ઠાકોર, અમીતભાઈ ચૌધરી, કામીની બા રાઠોડ, પૂર્વ ધારાસભ્ય સુરેશભાઈ પટેલ, પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોર, ઉપપ્રમુખ ભરતભાઈ પટેલ, અરવિંદસિંહ સોલંકી, સેંધાજી ઠાકોર, જે.ડી. ચારેલ, જુગાજી ઠાકોર, કીર્તિબેન પટેલ, ભાનુમતિબેન રોહિત, જીતેન્દ્રસિંહ સોલંકી, શહેર કોંગ્રેસના પૂર્વ પ્રમુખ મુકેશ પટેલ, રાકેશ જાની, દિનેશ ઠાકોર, કુબેરસિંહ ગોલ, શિવરામભાઈ ચૌધરી, ગીતાબેન પટેલ, ભાવિનસિંહ ઠાકોર, મ્યુનિ. કાઉન્સીલર લલિતાબેન ઠાકોર, જીતુ રાયકા, ભાવેશ દેસાઈ વગેરે મોટી સંખ્યામાં જોડાયા હતા.

## આજે વિશ્વ વસ્તી દિન નિમિત્તે અડાલજમાં રેલી યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

વિશ્વ વસ્તી દિનની ઉજવણીના ભાગરૂપે આજે અડાલજ ખાતે એક રેલીનુ આયોજન જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા કરવામાં આવ્યું છે.

જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા આજે દહેગામ ખાતે આશા કાર્યકરોનો સેમિનાર ઉપરાંત રૂપાલ ખાતે મહિલા સેમિનારનુ આયોજન કરવામાં આવ્યુ હોવાનુ અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

અગાઉ કલોલ ખાતે વિશ્વ વસ્તી દિનની ઉજવણી નિમિત્તે માનવસાંકળ રચવામાં આવી હતી. જિલ્લામાં વસ્તી વધારાથી આર્થિક, સામાજિક, પર્યાવરણીય અસરો વિશે સમગ્ર પખવાડિયા દરમ્યાન લોકજાગૃતિ સાથેના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હોવાનું પણ તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે.

## એસપીજી દ્વારા અમિત શાહ સામે વિરોધ કરાશે

ગાંધીનગર, તા. ૧૦

ઉત્તર ગુજરાતના ભાજપના પેજ પ્રમુખો સામે બેઠક માટે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ મંગળવારના રોજ ગાંધીનગર આવી રહ્યા છે. ત્યારે પાટીદાર અનામત આંદોલન દરમિયાન રાજ્યમાં પાટીદારો પર થયેલા ગોળીબાર તથા દમનના વિરોધમાં સરદાર પટેલ ગ્રુપ (એસપીજી) દ્વારા અમિત શાહના કાર્યક્રમમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવશે.

એસપીજીના વિરોધ પ્રદર્શનની જાણ પોલીસને થતા આજ સાંજથી પોલીસે કવાયત તેજ કરી દીધી છે. સરદાર પટેલ ગ્રુપ દ્વારા અમિત શાહ સામે વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ ઘડવામાં આવતા પોલીસ દોડતી થઈ ગઈ છે. એસપીજીના સુત્રોના જણાવ્યા મુજબ પાટીદાર અનામત આંદોલન દરમિયાન પાટીદાર પર થયેલા અત્યાચાર મુદ્દે આ વિરોધ કાર્યક્રમ યોજવામાં આવનાર છે.

# જિલ્લામાં ૧૩૨૬ સ્થળોએ મચ્છરના પોરા મળ્યા, તો ૬૩૦ તાવના દર્દી મળ્યા

## વાહકજન્ય રોગચાળા અંગે આજથી શરૂ થયેલ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં બહાર આવેલી વિગતો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં વાહકજન્ય રોગચાળા અંગે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની શરૂ થયેલ કામગીરીના પ્રથમ દિવસે ૫૫૧૪૦ ઘરોને આવરી લેવામાં આવ્યા હતા. જેમાંથી ૧૩૨૬ સ્થાનો પરથી મેલેરિયાના મચ્છરોના પોરા મળી આવ્યા હતા.

મચ્છરોના પોરાનો નાશ કરી આ સ્થાનો પર એન્ટી લારવેલની કામગીરી કરવામાં આવી હતી.

તંત્રની જુદી જુદી ટીમોએ આજે ૬૩૦ જેટલા તાવના દર્દીઓ પણ શોધી કાઢ્યા હતા. ટીમે સર્વેલન્સમાં ૨,૬૩,૯૯૬ વ્યક્તીઓને આવરી લીધા હતા. તાવના દર્દીઓના લોહીના નમૂના લઈ તેને ચકાસણી માટે મોકલી આપવામાં આવ્યા છે.

તંત્રની ટીમોએ ગ્રામ્ય વિસ્તારમાં પાણી ભરાઈ રહેતા હોય તેવા વિસ્તારોમાં ઓઈલનો છંટકાવ પણ કર્યો હતો. તેમજ પાણી સંગ્રહના વિવિધ સાધનોની પણ ચકાસણી કરી હતી. ટીમોએ મકાનોના છાપરા પર રખાયેલ પ્લાસ્ટીક તેમજ ટાયરોને ઉતરાવી અને તે દૂર કરવા પણ જણાવ્યુ હતુ.

જિલ્લામાં વરસાદના પ્રથમ તબક્કાના આગમન સાથે આજથી શરૂ થયેલા આ સર્વેના પ્રથમ દિવસે જ ૧૩૦૦થી વધુ સ્થાનોએથી મચ્છરોના પોરા મળતાં સર્વેને સઘન બનાવવા માટેની કડક સૂચનાઓ જારી કરી છે. સર્વે દરમ્યાન તાવના મળી આવેલા દર્દીઓના લોહીના નમૂના પણ લેવાયા છે તેમજ જેમને દવા ના લીધી હોય તેવા દર્દીઓને નજીકના દવાખાને જઈ સારવાર લેવા માટે પણ ટીમે જણાવ્યું છે.

### શહેરમાં ૧૨૪ સ્થળોએથી પોરા મળ્યા

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળા અંગે શરૂ થયેલ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સના આજના પ્રથમ દિવસે ૧૪ જેટલા તાવના દર્દી મળી આવ્યા છે. શહેરી મેલેરિયા તંત્ર દ્વારા એક સપ્તાહ સુધી ચાલનારા આ સર્વેલન્સમાં આજે પ્રથમ દિવસે ૬૫૦૦ જેટલા મકાનો આવરી લેવામાં આવ્યા હતા.

તંત્ર દ્વારા ૧૭ હજાર જેટલા પાત્રોની ચકાસણી કરતાં ૧૨૪ જેટલા સ્થાનો પરથી મચ્છરોના પોરા મળી આવ્યા હતા. જેનો એન્ટી લારવેલની કામગીરી કરી નાશ કરવામાં આવ્યો છે. આજે તંત્રની ટીમો દ્વારા જુદા જુદા સેક્ટરોમાં સવારથી સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સર્વેલન્સ દરમ્યાન મળી આવેલ ૧૪ તાવના દર્દીના લોહીના નમૂના મેળવી અને તેને ચકાસણી માટે મોકલી આપવામાં આવેલ છે.

# સે-૨૪ના આદર્શનગર વિસ્તારમાં પાણી ફોર્સથી નહીં આવતા રહીશોમાં રોષ

ગાંધીનગર તા ૧૦

શહેરના જુના સેકટરોમાં પણ પાણીનો કકળાટ રોષનુ કારણ બન્યો છે. રોજબરોજ સવારે સેકટરોમાં ફોર્સથી પાણી ન આવતુ હોવાથી સ્થાનિક રહીશોમાં આક્રોશ પ્રવર્તયો છે. જેમાં ખાસ કરીને સે-૨૪ ના આદર્શ નગર વિસ્તારમાં પાણી ફોર્સથી ન આવતા રહીશોએ આ મામલે તંત્ર સમક્ષ રજુઆત કરી હતી. આ મામલે આગામી ૩૦ દિવસમાં પ્રશ્નનુ નિરાકરણ આવી જશે તેવી ખાત્રી તંત્ર દ્વારા આપવામાં આવી છે.

શહેરના નવા અને જુના સેકટરોમાં હાલ પાણીના મામલે કકળાટ પ્રવર્તયો છે. પાણી ફોર્સથી ન આવતુ હોવાના મામલે રોજબરોજ વ્યાપક ફરિયાદો ઉદભવે છે. પરંતુ પાણીના પ્રશ્ન માટે વિતરણ વ્યવસ્થા સહીત મશીનરી અપગ્રેડ કરવાની અનિવાર્યતા છે. ત્યારે આ મામલે વિભાગ કક્ષાએ પણ વિચારણા હાથ ધરવામાં આવી છે. શહેરમાં પાણીનો પર્યાપ્ત સપ્લાય કરવામાં આવે છે. આમછતા પાઈપલાઈન સહીત આનુસંગિક વિતરણ વ્યવસ્થાને અનુલક્ષી પાણીનો પ્રશ્ન જટીલ બન્યો છે. શહેરના જુના સેકટરોમાં પણ પાણીના મામલે રોજબરોજ રહીશો ફરિયાદ કરતા નજરે પડે છે. સે-૨૪માં પાણીની સમસ્યાને હલ કરવા માટે નવો બોર બનાવાયો છે. પરંતુ હજુ ઈલેક્ટ્રીફિકેશનની કામગીરી બાકી હોવાના લીધે બોર ચાલુ કરવામાં આવ્યો નથી. બીજીતરફ પાણીની પોકાર ઉઠાવતા રહીશો પ્રતિદિન તંત્ર સમક્ષ રજુઆત કરી રહયા છે. સે -૨૪ ના આદર્શનગર વિસ્તારમાં પણ પાણી ફોર્સથી ન આવતુ હોવાનો કકળાટ પ્રવર્તયો છે. આવા સંજોગોમાં પાણીની સમસ્યા હલ કરવા માટે સ્થાનિક રહીશો દ્વારા તંત્ર સમક્ષ રજુઆત કરવામાં આવી હતી. જયારે આગામી મહીનામાં પાણીનો પ્રશ્ન હલ થઈ જશે તેમ પણ તંત્રકક્ષાએથી જણાંવાયુ છે.

## પૂર્વ રાજ્યપાલ સ્વ. નરેશચન્દ્રને મુખ્યમંત્રીની શ્રદ્ધાંજલી

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાતના પૂર્વ રાજ્યપાલ નરેશચન્દ્રના દુઃખદ અવસાન અંગે ઘેરા શોકની લાગણી વ્યકત કરી શ્રદ્ધાંજલિ પાઠવી છે. વિજય રૂપાણીએ સદગતના આત્માની પરમ શાંતિની પ્રાર્થના પણ કરી છે.

**કામધેનુ યુનિવર્સિટી**

(ગુજરાત સરકારશ્રી દ્વારા સ્થાપિત યુનિવર્સિટી)
કર્મયોગી ભવન, બ્લોક-૧, વિંગ-બી, ૪થો માળ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર
ફોન નં. (૦૭૯) ૬૫૭૨૧૯૧૮

**કામધેનુ યુનિવર્સિટીના પોસ્ટ ગ્રેજ્યુએટના વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલની સગવડ પુરી પાડવા ઈચ્છુક પાર્ટી જોગ**

કામધેનુ યુનિવર્સિટીને ગાંધીનગર ખાતે આશરે ૨૦ થી ૨૫ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે સ્વતંત્ર અને માત્ર કામધેનુ યુનિવર્સિટીના જ પોસ્ટ ગ્રેજ્યુએટના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે અલાયદી હોસ્ટેલની જરૂરીયાત છે. ઈચ્છુક પાર્ટી પાસે ઓછામાં ઓછા ૧૦ થી ૧૫ રૂમો વિથ એટેચ અથવા કોમન ટોઈલેટ, રીક્રિએશન રૂમ, કોમન કિચન વિથ ડાઈનીંગ હોલ હોવા જરૂરી છે. રૂમ ધરાવતી પાર્ટીએ કામધેનુ યુનિવર્સિટીની વેબસાઈટ પ્રેદ્ધ.ઁસ્રિ ઉપરથી શરતો અને ભાવપત્રક ડાઉનલોડ કરી તેઓની સહી-સિક્કા સાથેની દરખાસ્ત બંદ કવરમાં ટુ બીડ કવર સીસ્ટમથી અને ઉપરોક્ત તમામ સગવડો વિદ્યાર્થી દીઠ કેટલો માસિક ચાર્જ લેવામાં આવશે તે દર્શાવી ઉપરોક્ત સરનામે તા. ૧૯/૭/૧૭ સુધીમાં રજીસ્ટર પો.એ.ડી. / કુરિયરથી મોકલી આપવી. અત્રેની કચેરી ખાતે મળેલી દરખાસ્તો શક્ય હશે તો તા. ૨૦/૭/૨૦૧૭ના રોજ ખોલવામાં આવશે. મળેલી તમામ દરખાસ્તોના સ્થળોની રૂબરૂ મુલાકાત બાદ જ આખરી નિર્ણય લેવામાં આવશે. પાર્ટીએ રજુ કરેલ દરખાસ્ત મંજુર કરવાની કે નામંજુર કરવાની તમામ આખરી સત્તા નીચે સહી કરનાર અધિકારીશ્રીની અબાધિત રહેશે.

કાર્યપાલક ઈજનેર
કામધેનુ યુનિવર્સિટી

માહિતી/૯૯૩/૧૭-૧૮

**પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



**કુ. નીનાબેન એમ. મકવાણા**
જન્મ તા. ૨૫/૫/૨૯૧૮૯, મૃત્ય તા. ૧૧/૭/૨૦૧૬

**અમારી દિકરી....**

"અમારી દિકરી નામે નીના અને અમોને,
એકબીજા પ્રત્યે બહુ બહુ માન હતું,
પિતા કવિ 'મુલાંકી' કહે છે, એ બીજુ કાંઈ નહિ,
બસ અમારા ઘરનું એક મોંઘેરું મહેમાન હતું."

કવિ મુલાંકી
મો. નં. ૯૮૯૮૭૮૦૬૧૯

